**पुuना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| |
|---|
| **SUMMATIVE ASSIGNMENT -1 2021-22** |
| **ધોરણ- 8 વિષય – ગુજરાતી** |
| **Syllabus – CH-1,2,3,4,5,6,7,8,9 FROM TEXTBOOK** |

## [ READING SECTION] વાંચનકાર્ય

### પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

1) કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો 1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?
2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?
3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?
4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

2) હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો

સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**પ્રશ્ન 1 (બ)** નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?

2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?

3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?

4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ] લેખનકાર્ય

**પ્રશ્ન 2 (અ) નીચેના વિશે નિબંધ લખો.**

1) રેલવે સ્ટેશન 2) માતૃપ્રેમ

## પ્રશ્ન 2 (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ –' વધારે વજન ઊંચકવું નહિ પડે,' એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી –'પૈસા વધારે ગણવા નહિ પડે' ગ્રાહકનો જવાબ - બોધ.

<u>જેવા સાથે તેવા</u>

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યુ તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

2) એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

<u>સસલાની ચતુરાઇ</u>

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. જે ખુબ જ તાકાતવાળો હતો. રોજ કેટલાય પશુંઓને મારી નાખતો હતો. એટલે બધાય જનાવરોએ ભેગા થયા. ભેગા થઇને વિચાર્યું કે જો આમ જ સિંહ બધાને મારી નાખશે તો એક દિવસ આખુ જંગલ ખાલી થઇ જશે.

બધા જાનવરો એ નક્કી કર્યુ અને સિહને મળવા ગયા અને સિંહને કીધુ તમારે કોઇનો શિકાર કરવા જવુંનહિ, અમે દરરોજએક જાનવર તમારી પાસે આવી જઇશું તેને તમારે ખાઇ જવાનુ. સિહે હા પાડી એટલે દરેક જાનવર સિંહ જોડે જવા લાગ્યો.

એક વખત સસલાનો વારો આવ્યો. એટલે સસલાએ એક ઉપાય કર્યો તે સિંહ પાસે મોડો પહોચ્યો, સિંહ ગુસ્સે થયો તો સસલાએ કહ્યુ મહારાજ તમારા જેવોજ એક સિંહજંગલમાં આવ્યો છે તો એનાથી બચીને આવતા મારે મોડુ થઇ ગયુ. સિંહ ગુસ્સે થયો અને બીજા સિંહને બતાવવા કહ્યું.

સસલો તેને કૂવા પાસે લઇ ગયો કૂવામાં સિંહે તેનુ જ પ્રતિબિંબ જોયુ. એટલે તેને ત્રાડ પાડી પણ પોતાનો જ પડઘો પડવાથી તેને લાગ્યુ કે અંદરબીજો સિંહ છે તો તરત તે કૂવામાં કૂદી પડ્યો અને સિહ મરી ગયો.

આમ સસલાના ઉપાયથી સિહ મરી ગયો અને તે બચી ગયો.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

### પ્રશ્ન 3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દિવસ | = | દિન | 2) | સ્ટૉલ | = | દુકાન |
| 3) | મહિલા | = | સ્ત્રી | 4) | મજા | = | આનંદ |
| 5) | નિર્ધન | = | ગરીબ | 6) | નિરક્ષર | = | અભણ |
| 7) | તવંગર | = | પૈસાદાર | 8) | ઉચ્ચ | = | ઊંચી |
| 9) | સમાન | = | અસમાન | 10) | સાવધ | = | સાવચેતી |
| 11) | અજવાળું | = | પ્રકાશ | 12) | પંથ | = | રસ્તો |
| 13) | કાંટા | = | શૂળ | 14) | ધૈર્ય | = | ધીરજ |

### પ્રશ્ન 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દિવસ | x | રાત | 2) | મહિલા | x | પુરુષ |
| 3) | મજા | x | શોક | 1) | જ્ઞાની | x | અજ્ઞાની |
| 3) | તવંગર | x | ગરીબ | 4) | ઉચ્ચ | x | નીચ |
| 5) | સમાન | x | અસમાન | 6) | સાક્ષર | x | નિરક્ષર |
| 1) | જાણ | x | અજાણ | 2) | નીરસ | x | રસિક |
| 3) | ધ્યાન | x | બેધ્યાન | 4) | સંતોષ | x | અસંતોષ |
| 5) | જવાબ | x | સવાલ | 6) | નુકશાન | x | ફાયદો |
| 7) | પરદેશ | x | સ્વદેશ | 8) | હાજર | x | ગેરહાજર |
| 1) | સાવધ | x | અસાવધ | 2) | અજવાળું | x | અંધારુ |

## પ્રશ્ન 5 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

1) આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે?

અ) ધરતીને  બ) હિંદને

<u>ક) હિંદમાતાને</u>  ડ) સૌ સંતાનોને

2) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?

અ) વેદોને  બ) કૃષ્ણની

<u>ક) દેવોની</u>  ડ) પુણ્યની

3) વીસ ફૂટ ઉંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી?

અ) પરમેશ્વરની  બ) <u>મૂર્તિની</u>

ક) ચિત્રની  ડ) ગણપતીની

4) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માગી?

અ) <u>પબ્લિક ફોન</u>  બ) મોબાઈલ ફોન

ક) સેલ્યુલર ફોન  ડ) ગ્રામોફોન

5) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો?

અ) સ્વચ્છતાનો  બ) નમ્રતા

ક) <u>ખુમારી</u>  ડ) વફાદારી

6) રવિશંકર વ્યાસને ‘ મહારાજ ‘નું બિરૂદ કોણે આપ્યુ?

અ) રાજાએ  બ) બ્રાહ્મણોએ

<u>ક) લોકોએ</u>  ડ) બહારવટિયાઓએ

7) ધીમે – ધીમે રાજકીય પ્રવૃતિને સ્થાને મહારાજના જીવનમા શાનો પ્રવેશ થયો?

અ) રાજસતાનો  <u>બ) લોકપ્રવૃતિનો</u>

ક) ધાર્મિક પ્રવૃતિઓ  ડ) આર્થિક પ્રવૃતિનો

8) રવિશંકર મહારાજને માણસાઈના દિવા કોણે કહ્યા છે?

અ) ગાંધીજી  <u>બ) ઝવેરચંદ મેઘાણી</u>

ક) મહેન્દ્ર મેઘાણી  ડ) ધીરુભાઈ

9) કવિએ કઈ મોસમને ' મહેનતની મોસમ ' કહી છે.

અ) લણવાની　　બ) વસંતઋતુ

<u>ક) ચોમાસાની</u>　　ડ) શિયાળાની

10) વરસાદ વરસ્યા પછી સીમ કેવી બની છે?

અ) કંકુવરણી　　<u>બ) સોનાવરણી</u>

ક) ઘઉંવરણી　　ડ) રક્તવરણી

11 ) કિલ્લોલ કોણ કરે છે?

અ) ચકલીઓ　　બ) પંખીઓ

ક) મોર　　<u>ડ) કુંજડિયો</u>

12) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે?

અ) ધીરે ધીરે　　બ) ઉતાવળે

ક) <u>અંતર ઉજાળીને</u>　　ડ) નામ ઉજાળીને

13) ખાડાંની ધારે કેવી રીતે ચાલવાનું છે?

અ) સાચવીને　　બ) <u>ધીરજથી</u>

ક) ગંભીરતાથી　　ડ) સમય-સંજોગો જોઈને

14) કવિ કોને અજવાળવાનુ કહે છે?

અ) ઓરડાને　　બ) શેરીને

ક) <u>અંતરને</u>　　ડ) ગામને

15) વહેલી સવારે બાદશાહે ઝરૂખાની નીચે શુ જોયુ?

અ) નોકર ચોગાનમાં ઊભો હતો.

બ) નોકર ચોગાનમાંથી ઝાડુ લેતો હતો.

ક) <u>નોકર ઝાડુથી ચોગાન વાળતો હતો.</u>

ડ) નોકર ઝાડુ ઊંચુ કરીને રાજા સામે જોતો હતો.

16) રાજ્ય પર કયાં રાજાએ ચડાઈ કરી?

અ) <u>બુંદેલખંડના</u>　　બ) ઝારખંડના

ક) ઉતરાખંડ　　ડ) પુષ્પખંડ

17 ) નોકરને જવાબ શીખવનાર કોણ હતુ?

અ) અકબર  બ) <u>બિરબલ</u>

ક) બેગમ  ડ) ફાંસીગર

18) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શુ કહે છે?

અ) ખાડો  બ) <u>હવાડો</u>

ક) કુંડ  ડ) જળવાડો

19) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે?

અ) તળાવને  બ) <u>ગોંદરાને</u>

ક) પુસ્તકાલયને  ડ) વડલાને

20) લેખક ના છુટકે ખેતરમાં શું લઈને જતા હતા?

અ) બળદ  બ) ભેંસો

ક) <u>ભાત</u>  ડ) સ્લેટ – પેન

## પ્રશ્ન 6 નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | નદીકિનારા પાસેની બખોલો | = | કોતર |
| 2) | પાણી આવવા – જવા માટે બાંધેલો સાંકડો માર્ગ | = | ગરનાળું |
| 3) | ઘરની બાજુની દિવાલ | = | કરો |
| 4) | કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર | = | મુકસેવક |
| 5) | જીવનનુ મુખ્ય કર્તવ્ય | = | જીવનધર્મ |
| 6) | પાઘડીના જેવો વિસ્તાર | = | પાઘડીપને |
| 7) | પવનનું વાવાઝોડું | = | વાઝડી |
| 8) | ગામની હદ | = | સીમ |
| 9) | સવારનો નાસ્તો | = | શિરામણ |
| 10) | ઝટપટ ઉકેલી ન શકે તેવો પ્રશ્ન | = | કોયડો |
| 11) | કાળના જેવા મો વાળું | = | કાળમૂખુ |
| 12) | મુસ્લિમ ધર્મ મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે | = | મૈયત |

13) શાબાશી બદલ અપાતો પોશાક = સરપાવ

**પ્રશ્ન 7 નીચેના શબ્દોને બીજા શબ્દ સાથે સરખામણી કરો.**

( સાકર , ઝેર, દુધ, ચણોઠી, માખણ, મેષ )

અ) સફેદ <u>દુધ</u> જેવું

બ) કાળું <u>મેષ</u> જેવું

ક) રાતું <u>ચણોઠી</u> જેવું

ડ) મીઠું <u>સાકર</u> જેવું

ઈ) કડવું <u>ઝેર</u> જેવું

ઉ) કૂણું <u>માખણ</u> જેવું

## [ LITRATURE SECTION ] <u>સાહિત્ય</u>

**પ્રશ્ન 8 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1)** ચિત્રમાં કોણ – કોણ નજરે પડે છે?

જ) ચિત્રમાં મુસાફરો , ચાવાળો , ફેરિયો , બે કુલી , રેંકડીવાળો , પુસ્તક વેચનાર , ગ્રાહક તેમજ ટિકિટ ચેકર નજરે પડે છે.

**2)** ચિત્રમાં કયાં – કયાં સ્ટૉલ નજરે પડે છે?

જ) ચિત્રમાં પ્રભાત બુક સ્ટૉલ , અને ટી સ્ટૉલ નજરે પડે છે.

**3)** ચિત્રમાં કયાં – ક્યાં ફેરિયાઓ નજરે પડે છે?

જ) ચિત્રમાં ફળ વેચનારો એક ફેરિયો નજરે પડે છે.

**4)** કવિ વંદન સ્વીકારવાનુ કોને કહે છે?

જ) કવિ વંદન સ્વીકારવાનું ભારત માતાને કહે છે.

**5)** હિંદમાતા સંતાનોનુ પોષણ કેવી રીતે કરે છે?

જ) હિંદમાતા સંતાનોનુ પોષણ સારું ખાવાનું – પીવાનું આપીને કરે છે.

6) શિલ્પી શુ કરી રહ્યો હતો?

જ) શિલ્પી પથ્થરમાંથી મૂર્તિઓ કરી રહ્યો હતો.

7) બાજુમાં પડેલી મૂર્તિને શું નુકસાન થયું હતું?

જ) બાજુમાં પડેલી મૂર્તિને એક નાનો ઘસરકો પડેલો હતો.

8) યુવકે દુકાનદારને શાની ના પાડી?

જ) યુવકે દુકાનદારને તેને ત્યા કામ કરવાની ના પાડી.

9) ' મહેનતની મોસમ ' કાવ્યના કવિનુ નામ લખો.

જ) ' મહેનતની મોસમ ' કાવ્યના કવિનુ નામ ' નાથાલાલ દવે ' છે.

10) સીમ કોને સાદ કરે છે?

જ) સીમ ખેડૂતોને સાદ કરે છે.

11) સીમમાં શું- શું લઈ જવાનું છે?

જ) સીમમાં દાતરડા અને અનાજ બાંધવા પછેડી લઈ જવાનું કહ્યુ છે.

12) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીધ્યા હતા?

જ) હરખચંદે મણેક કપાસિયા ગાય માટે ખરીધ્યા હતા.

13) કહળસંગને કોણે ઠપકો આપ્યો?

જ) કહળસંગને કુટુંબનાં સૌએ ઠપકો આપ્યો.

14) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો?

જ) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ સાહસિક , નીડર , દયાળુ અને પરગજુ હતો.

15) જોગણ ગામમા મહારાજે શું જોયું?

જ) જોગણ ગામમા મહારાજે ગરીબાઈ અને ગંદકી જોઈ.

16) મહારાજ ' મુકસેવક ' તરીકે શા માટે જાણીતા છે?

જ) મહારાજ મુકસેવક તરીકે કામ કરતા અને લોકોની સેવા કરતા માટે તેઓ મહારાજ ' મુકસેવક ' તરીકે જાણીતા થયા.

17) કવિ સ્વાર્થ સામે જોવાની ના કેમ કહે છે?

જ) કવિ સ્વાર્થ સામે જોવાની ના કહે છે કેમ કે માણસે નિ: સ્વાર્થી બનીને જીવવું જોઈએ , જેથી બીજાને શિસ્ત , શાંતિ અને સેવાનો બોધ મળી રહે.

18) રસ્તે ચાલતા વચ્ચે શુ – શુ આવે છે?

જ) રસ્તે ચાલતા વચ્ચે કાંટા , કાંકરા અને તડકામા તપેલી રેતી આવે છે.

19) કવિ સૌને શું આપવા કહે છે?

જ) કવિ સૌને શાંતિ , શિસ્ત અને સેવાનો બોધ આપવા કહે છે.

20) બુંદેલખંડનો રાજા પરત કેમ ફર્યો?

જ) બાદશાહ અકબર પોતે જ લશ્કર લઈને આવે છે એ જાણ થતા બુંદેલખંડનો રાજા પરત ગયો.

21) શિરામણ સમયે સેનાપતિએ શા સમાચાર આપ્યા?

જ) શિરામણ સમયે સેનાપતિએ સમાચાર આપ્યા કે બુંદેલખંડનો રાજા લશ્કર લઈને આપણા રાજ્ય ઉપર ચડી આવ્યો છે.

22) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા?

જ) બેગમે બાદશાહને સમાચાર આપ્યા કે મારા ભાઈને સાપ કરડ્યો છે એને ઝડપથી સાપ ઉતારનારાના ઘરે લઈ જવાનો છે.

23) ગામના ગોંદરે શું –શું આવેલું છે?

જ) ગામના ગોંદરે બે વિશાળ વડ , એક બાજુ પીપળો તેમજ બીજી બાજુ લીમડા ઉભા છે તેમજ ત્યાં એક કૂવો અને હવાડો આવેલા છે.

24) સાહેબને આવતા જોઈ છોકરાઓ શુ કરતા?

જ) સાહેબને આવતા જોઈ છોકરાઓ વડની વડવાઈઓ કે ખોદેલા ખાડામા લપાઈ જતા.

25) ગોંદરુ ‘ ગામનુ નાક ’ કેમ કહેવાય છે?

જ) ગોદરૂ ગામની શોભા છે , શાખ છે , ગોંદરા પરથી ગામ પરખાય છે,તેથી ગોંદરુ ‘ ગામનુ નાક ’ કહેવાય છે.

## પ્રશ્ન 9 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) રેલ્વે સ્ટેશન ઉપર કઈ – કઈ સુચનાઓ લખેલી છે?

જ) રેલ્વે સ્ટેશન ઉપર નીચે પ્રમાણેની સુચનાઓ લખેલી છે.

1) ખિસ્સા કાતરુથી સાવધાન.

2) કચરો કચરાપેટીમાં નાંખો.

3) ધૂમ્રપાન કરવાની મનાઈ છે.

4) અજાણી વસ્તુ પડેલી જુઓ તો સ્ટેશન અધિકારીને જાણ કરો.

5) લાઈનમાં ઉભા રહો , ધક્કામુક્કી કરશો નહી.

2) લાઉડ સ્પીકર દ્વારા કઈ – કઈ સુચનાઓ અપાતી હોય છે?

જ) લાઉડ સ્પીકર દ્વારા નીચે પ્રમાણેની સુચનાઓ અપાતી હોય છે ;

અ) ટ્રેનના આવવા – જવા અંગેની સુચના. બ) ટ્રેનના સમય અંગેની સુચના.

ક) માલ – સામાન અને વ્યક્તિઓ અંગે સુચના.

3) ભારતભૂમિને કવિ માતા તરીકે કેમ સંબોધે છે?

જ) એક માતાની જેમ ભારતમાતા એના સૌ સંતાનોનુ પોષણ કરે છે , ભેદભાવ રાખ્યા વિના સરખો પ્રેમ કરે છે. તેથી કવિ ભારતમાતાને માતા તરીકે સંબોધે છે.

4) ભારતમાં વસ્તી પ્રજાને કવિ સમાન શા માટે ગણે છે?

જ) ભારતમાં વસ્તી પ્રજાને કવિ સમાન ગણે છે કારણ કે અહીં અલગ અલગ ધર્મ પાળતી જે પ્રજા વસે છે એ સૌની માતા એક જ છે ભારતમાતા.જો માતા એક હોય તો એ માતાના તમામ સંતાનો સમાન જ હોય , માટે અહીં કોઈ ઉંચ નથી કે કોઈ નીચ નથી.

5) ભારતમાતાનાં સંતાનો છેલ્લે શી પ્રાર્થના કરે છે?

જ) ભારતમાતાનાં સંતાનો છેલ્લે પ્રાર્થના કરે છે કે અમે બધા પરસ્પર પ્રેમ અને સહકાર સાથે રહીએ.

6) માણસને બીજી મૂર્તિ જોઈ આશ્ચર્ય શા માટે અનુભવ્યું ?

જ) માણસે જોયુ કે શિલ્પી જે મૂર્તિ ઘડતો હતો એની બાજુમા એના જેવી જ બીજી મૂર્તિ પડેલી હતી.આમ એક જ મંદિર માટે ભગવાનની એક્સરખી બે મૂર્તિઓ તૈયાર થતી જોઈને માણસને આશ્ચર્ય અનુભવ્યું.

7) સ્ત્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની શા માટે ના પાડી?

જ) સ્ત્રીએ પોતાને ત્યાં લૉન કાપવા માટે એક માણસને નોકરીએ રાખ્યો હતો. એના કામથી એ સ્ત્રીને સંતોષ હતો , તેથી ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની ના પાડી .

8) સ્વમૂલ્યાંકન એટલે શુ? શું તમે તમારી જાતનું મૂલ્યાંકન કર્યુ છે?

જ) વ્યક્તિ પોતે તટસ્થ રીતે પોતાના કામની મુલવણી કરે છે તેને સ્વમૂલ્યાંકન કહે છે. હું નિયમિત રોજનીશી લખુ છુ. તેમા હુ મારા તમામ કાર્યોની નોંધ રાખુ છુ તેમજ દરેક કાર્ય તેની યોગ્યતાની દ્રષ્ટિએ ચકાસુ છુ.

9) રવિશંકર વ્યાસને ‘ મહારાજ ‘ નુ બિરૂદ કેમ મળ્યું?

જ) રવિશંકર વ્યાસે લોકહિતના ઘણા કાર્યો કર્યા. સમાજમાં નિ: સ્વાર્થ ભાવે વિવિધ પ્રવૃતિઓ કરી. આમ રવિશંકરે લોકોના હદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. તેથી લોકો દ્વારા તેમને ‘ મહારાજ ‘ નુ બિરૂદ મળ્યું.

10) સીમ સાદ કરે એટલે શું ? સીમ શા માટે સાદ કરે છે?

જ) સીમ સાદ કરે એટલે સીમ ખેડુતોને બોલાવે છે. વરસાદ વરસ્યા પછી કુદરતની મહેર થઈ ગઈ છે. પાક તૈયાર થઈ ગયો છે. તે પાકને લણવા માટે સીમા જાણે કે ખેડૂતને સાદ કરે છે.

11) લીંપીગૂંપીને ખળા શા માટે કરવા પડે?

જ) ખેતરમા પાક લણ્યા પછી ખેડૂતો તૈયાર થયેલા પાકને એકઠો કરે છે. પાકના દાણા છૂટા પાડે છે અને પાકને બજારમાં વેચવા માટે તૈયાર કરે છે.તેથી લીંપીગૂપીને  લીંપીગૂંપીને ખળા કરવા પડે છે.

12) ગામના લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી કેમ કરતા ?

જ) ચોમાસામાં ખુબ જ વરસાદ પડતો આથી ગામની તાલુકા મથકે જવાની ગાડાવાટ બંધ થઈ જાય.તેથી ચોમાસું શરૂ થાય એ પહેલા ત્રણ – ચાર મહિના ચાલે એટલી લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી ખરીદતા હતા.

13) હરખચંદને શા માટે શરમાવું પડ્યુ?

જ) કહળસંગના બાપુનાં કારજનો પ્રસંગ હતો. હરખચંદને કાગળ લખવા બોલાવ્યા.હરખચંદે વેરનો બદલો લેવાની વૃતિથી કાગળો લખવામાં એવા ગોટાળા કર્યા કે પ્રસંગ બગડ્યો. મોતનો મલાજો ન જળવાયો. કોઈ ડાહ્યા માણસે કહ્યુ કે હરખચંદ, કહળસંગ તો અભણ હતો. પણ તમે આ શુ કર્યુ? હરખચંદને તેની ભૂલ સમજાણી અને એમને શરમાવું પડ્યુ?

14) હરખચંદના લમણામાં કઇ વાત રહી ગઇ?

જ) હરખચંદ કહળસંગના ગાડામાં ત્યારે કોથળો નાખવા ગયા. એમને જોઇને કહળસંગે બળદોને ડચકારો કરી ગાડું હાંકી મૂક્યું.ઉપરથી કહળસંગે કહ્યું કે બળદ તાણી ઝાલ્યા રહેતા નથી. આમ કહળસંગે ડાંડાઇ કરી. આ વાત હરખચંદના લમણામાં રહી ગઇ.

15) કવિ પ્રેમળતા પ્રગટાવવાનુ શા માટે કહે છે?

જ) જીવનમા ડગલે ને પગલે આવતી અડચણો , મુશ્કેલી તેમજ દુ;ખો સામે લડવા પ્રેમળતા જ એકમાત્ર અમોઘ શસ્ત્ર છે. એ અમોઘ શસ્ત્ર આપણા વ્યહારોમા સુગંધ ફેલાવીને જીવનને સાર્થક કરવા માટે કવિ પ્રેમળતા પ્રગટાવવાનુ કહે છે.

16) રાજાના દર્શન કરતી વખતે ઝાડુવાળાએ શુ કહ્યુ?

જ) રાજાના દર્શન કરતી વખતે ઝાડુવાળાએ કહ્યુ કે કાલે સવારે જ્યારે તમે મારું મો જોયુ ત્યારે મે પણ તમારુ મો જોયુ હતુ. તમારો તો માત્ર દિવસ જ બગડ્યો હતો અને મારે તો તમારૂ મો જોવાથી કેદખાને જવું પડ્યુ અને ફાંસીની સજા ભોગવવી પડી તો આપણા બેમા વધારે અપશુકનિયાળ કોણ?

17) અંતે રાજાએ પોતાનો ખોટો વહેમ શું કહીને દૂર કર્યા?

જ) અંતે રાજાએ બિરબલ આગળ કબૂલાત કરી કે શુક્ન- અપશુક્ન અંગેનો પોતાનો વહેમ ખોટો હતો. રાજાએ ઝાડુવાળાને છોડી દેવાની તેમજ સરપાવ આપી માનભેર ઘેર પહોંચાડવાની આજ્ઞા કરી. આમ, અને રાજાએ પોતાનો ખોટો વહેમ દૂર કર્યા.

18) ઉનાળાના બપોરે ગોંદરું કઈ રીતે ઉપયોગી બને છે?

જ) ઉનાળાના બપોરે ઝાડના છાયડે છોકરા રમે છે. ઢોર વગડેથી ગોંદરે આવી પોરો ખાય છે.ઉનાળામાં ગોંદરુ એરકંડિશનની ગરજ સારે છે, આમ ગોંદરુ ઉનાળાના બપોરે સૌને ઘણી રીતે ઉપયોગી બને છે.

19) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ-કઈ રમતોની વાત કરી છે?

જ) લેખકે ગામના પાદરમાં રમાતી હુતુતુતુ, આટા-પાટા, આમલી-પીપળી, કુસ્તી, ભૂસકા મારવા વગેરે રમતોની વાત કરી છે.